

દિવાળી : રામનો વિજય કે આપણી અંદરના રાવણનો?

કાના દાનવ રાજા રાવણનો વધ કરીને, ૧૪ વર્ષના વનવાસ પછી રામ, લક્ષ્મણ અને સીતા સાથે અયોધ્યા પાછા ફર્યા ત્યારે નગરજનોએ તેમની ખુશીમાં રસ્તાઓ પર હારબંધ દીવા પ્રગટાવીને અને આતશબાજી કરીને તેમનું સ્વાગત કર્યું હતું. એ કારતક મહિનો હતો. આ દિવસથી ભારતમાં દિવાળી અથવા દીપાવલી (‘દીપ’ એટલે દીવો અને ‘આવલી’ એટલે હારમાળા)ની ઉજવણી શરૂ થઈ, એવી એક પ્રચલિત કથા છે. દિવાળી એટલે દેવનો દાનવ પર અને અચ્છાઈનો બુરાઈ પર વિજય. આ છે દિવાળીનો સાર. જોકે, આ માન્યતાને લઈને બે પ્રકારના મતમતાંતરો કે ચર્ચાઓ છે. એક, દિવાળીની શરૂઆતને લઈને અને બીજી, તેના ચિંતનાત્મક અર્થને લઈને. હકીકતમાં, આ બંને એકબીજા સાથે ગૂંથાયેલાં છે.

વાલ્મીકિ રામાયણ પ્રમાણે રામ કારતકમાં નહીં, પરંતુ ચૈત્ર મહિનામાં (માર્ચ-એપ્રિલ) અયોધ્યા પાછા ફર્યા હતા. ગોસ્વામી તુલસીદાસના રામચરિતમાનસમાં પણ દિવાળીનો ઉલ્લેખ નથી, એવું ઘણા લેખકો નોંધે છે. પુણેની ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે દિવાળીના ઈતિહાસ વિશે ઘણું સંશોધન કર્યું છે. જોકે, તેના સંશોધનના તાર ઈસવીસનના પ્રારંભિક કાળથી આગળ જતા નથી. સંસ્થાના સંશોધન પ્રમાણે, દિવાળીનો સૌથી જૂનો સંદર્ભ વાત્સ્યાયનના ‘કામસૂત્ર’માં મળે છે. તેની રચના ઈસવીસન પૂર્વે બીજી સદીથી ઈસવીસનની પહેલી સદી વચ્ચે થઈ હોવાનું મનાય છે. તેમાં યક્ષરાત્રિની ઉજવણીનો ઉલ્લેખ છે, જેમાં દીવાઓની હારમાળા પ્રગટાવવામાં આવતી હતી.

દિવાળીનો બીજો સંદર્ભ પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણમાં મળે છે, જેનાં મૂળ ઈસવીસન પછીની પહેલી સદી સુધી જાય છે. કઠોપનિષદમાં (ઈસવીસન પૂર્વે પહેલી સદી) યમ અને નચિકેતાની કથા છે, જે કારતક અમાસની રાત સાથે જોડાયેલી મનાય છે. આ કથામાં અચ્છાઈ વિરુદ્ધ બુરાઈ, સ્થાયી સંપત્તિ વિરુદ્ધ ક્ષણિક સંપત્તિ અને જ્ઞાન વિરુદ્ધ અજ્ઞાનનું ચિંતન છે.

સાતમી સદીના સંસ્કૃત નાટક ‘નાગાનંદ’માં રાજા હર્ષ દિવાળીનો ઉલ્લેખ ‘દીપપ્રતિપદુત્સવ’ તરીકે કરે છે. નવમી સદીના ગ્રંથ ‘કાવ્યમીમાંસા’માં કવિ રાજશેખર દીપાવલીને ‘દીપમાલિકા’ કહે છે. ઈસવીસન પછીની પાંચમીથી આઠમી સદી વચ્ચે કાશ્મીરમાં રચાયેલા ‘નીલમત પુરાણ’માં ‘દીપમાળા’ના ઉત્સવ તરીકે દિવાળીનું વિસ્તૃત વર્ણન મળે છે.

દ્રવિડિયન ભારત, એટલે કે દક્ષિણ ભારતમાં દિવાળી સાવ જુદી રીતે, અથવા કહો કે લગભગ નહીંવત્ પ્રમાણમાં, મનાવાય છે. દક્ષિણ ભારતમાં આ દિવસ કૃષ્ણે નરકાસુરનો વધ કર્યો તેની સ્મૃતિમાં ઉજવાય છે. એટલે એ દિવસે ઘરની, ખાસ કરીને બાથરૂમની, સફાઈ કરવામાં આવે છે. પરિવારજનો શરીર પર હર્બલ તેલ લગાવીને ખૂબ ઘસીઘસીને સ્નાન કરે છે. દક્ષિણ ભારતમાં દિવાળી એકમાત્ર એવો તહેવાર છે, જે મંદિરોમાં ઉજવાતો નથી. અહીં ‘દિવાળી’ને બદલે ‘દીપાવલી’ શબ્દ વધુ પ્રચલિત છે. રામની અયોધ્યાવાપસીની કથા ઉત્તર ભારતની છે, દક્ષિણ ભારતની નહીં.

હિંદુ ધર્મમાં દરેક પ્રસંગ, દરેક ક્રિયા, દરેક પ્રતિક્રિયા, દરેક કારણ અને દરેક પરિણામ માટે માણસનાં પોતાનાં કર્મ જવાબદાર છે, હિંદુ કર્મનો સિદ્ધાંત કહે છે કે અચ્છાઈ કે બુરાઈ, આનંદ કે આપત્તિ માટે ઈશ્વર નહીં, મનુષ્ય પોતે જવાબદાર છે

શું દિવાળીને લઈને આટલી બધી અલગ-અલગ માન્યતાઓ સમસ્યા છે? ના, જરા પણ નહીં. હકીકતમાં, આ તો હિંદુ પરંપરાનું હાર્દ છે. બીજી હિંદુ પ્રથાઓની જેમ દિવાળીનો પણ કોઈ એકલવડિયો, ચિરસ્થાયી અર્થ નથી. તેનું તાત્પર્ય પ્રદેશ પ્રમાણે, સમુદાય પ્રમાણે અને સમયાંતરે બદલાતું રહ્યું છે. હિંદુ માન્યતાઓ, પ્રથાઓ, રિવાજો અને તહેવારોની આ બહુઆયામી પ્રકૃતિ એક વિકેન્દ્રિત પરંપરાનું પરિણામ છે. ઈસ્લામ કે ઈસાઈ ધર્મથી વિપરીત, અહીં કોઈ એક કેન્દ્રીય ઈશ્વર, શાસ્ત્ર કે ગુરુ નથી, જેના એકમાત્ર વચનને આધારે સમગ્ર પરંપરાનું અનુસરણ થતું હોય.

હિંદુત્વ એક એવું છત્ર છે, જેની નીચે અનેકવિધ જીવનશૈલીઓ અને વિચારો સહઅસ્તિત્વમાં પનપે છે.

હિંદુ ધર્મમાં દરેક પ્રસંગ, દરેક ક્રિયા, દરેક પ્રતિક્રિયા, દરેક કારણ અને દરેક પરિણામ માટે માણસનાં પોતાનાં કર્મ જવાબદાર છે. હિંદુ કર્મનો સિદ્ધાંત કહે છે કે અચ્છાઈ કે બુરાઈ, આનંદ કે આપત્તિ માટે ઈશ્વર નહીં, મનુષ્ય પોતે જવાબદાર છે. એટલા માટે જ હિંદુ ધર્મમાં પશ્ચિમની ધાર્મિક કલ્પના જેવો કોઈ શૈતાન નથી, જે સંસારના દુ:ખ માટે જવાબદાર હોય. અહીં સુખ અને દુ:ખની જવાબદારી માણસની પોતાની છે.

એટલે તેની મુસીબતોનો ઉકેલ દાનવના હરીફ દેવના હાથમાં નહીં, પરંતુ પોતાના મોક્ષમાં છે. એટલે કે, સારાં-નરસાં કર્મોના ચક્ર અને પુનર્જન્મના બંધનમાંથી બહાર નીકળી જવામાં છે. મોક્ષની આ યાત્રામાં તેનો આરાધ્ય દેવ (રામ, શિવ કે દેવી) તેના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે તેને સહાય કરે છે. હિંદુ, બૌદ્ધ અને જૈન પરંપરાનો આ એક કેન્દ્રવર્તી વિચાર છે.

આપણે ત્યાં યથાર્થ, એટલે કે સંસાર, પોતે સારો કે ખરાબ નથી. સંસારમાં કશું જ નિતાંત શુભ કે નિતાંત દુષ્ટ નથી. અચ્છાઈ અને બુરાઈ એ તુલનાત્મક અનુમાનો છે, જેનો આધાર વ્યક્તિની પ્રકૃતિ અને તેનાં પૂર્વજન્મનાં કર્મો પર રહેલો છે. અચ્છાઈ-બુરાઈ ઈશ્વરેચ્છાનું નહીં, માણસની મરજી અને કર્મોનું પરિણામ છે. હિંદુ વિચારધારા પ્રમાણે શુભ એ છે, જે આપણને આપણા સ્વત્વ, એટલે કે આત્માની નજીક લાવે; અને અશુભ એ છે, જે આપણી અને આપણા આત્મા વચ્ચે અંતર ઊભું કરે છે.

અચ્છાઈ અને બુરાઈ આપણી અંદર છે, બહાર નહીં. આધુનિક મનોવિજ્ઞાનમાં આ વિચાર પ્રચલિત થયો તેનાં સદીઓ પહેલાં હિંદુ ચિંતકોએ દેવ અને દાનવના પ્રતીકો દ્વારા આ વાત કહી હતી. આપણી અંદર દેવ અને દાનવનો સંઘર્ષ સતત ચાલતો રહે છે. બંને આપણા શરીર અને મન પર કબજો જમાવવાનો પ્રયાસ કરે છે. સમાજ કે માણસને સુધારવા દેવ ક્યારેય છાપરું ફાડીને આવતા નથી, કે કોઈનો આનંદ છીનવી લેવા દાનવ ધરતી ચીરીને પ્રગટ થતા નથી.

આપણી વચ્ચે રહેલા માણસો જ માનવતાના હિતમાં કામ કરે છે. અચ્છાઈ અને બુરાઈના દ્વંદ્વમાં ફસાયેલા લોકો તેમને રામ, કૃષ્ણ, બુદ્ધ કે મહાવીરના નામે પૂજે છે. રાવણ, કંસ કે હિરણ્યકશિપુ પણ માણસો જ હતા, પરંતુ તેમના માનવતાવિરોધી ગુણો અને સ્વભાવને કારણે તેમને દાનવ કે અસુર કહેવામાં આવ્યા. દરેક યુગમાં દેવ, એટલે કે સદ્ગુણોએ દાનવ, એટલે કે દુર્ગુણોને પરાજિત કર્યા છે.

દિવાળીનો મૂળ સાંકેતિક અર્થ પણ આ જ છે. આપણે આપણી અંદર બેઠેલા રાવણને સદ્ગુણોના બળે હરાવવાનો છે, જેથી આપણી અંદર અને આપણી આસપાસ રામનો પ્રકાશ પથરાયેલો રહે.

આપણે રામ અને રાવણના શબ્દશ: ઈતિહાસની ગૂંચવણમાં અટવાઈ ન જઈએ તે માટે...

હેપ્પી દિવાળી!

ફાયરવોલ

રાજ ગોસ્વામી

‘ન્યૂ ઇન્ડિયા’માં દિવાળી!

છેલ્લા એકાદ દાયકામાં દેશને ઘણા લોકો ‘ન્યૂ ઈન્ડિયા’ તરીકે ઓળખાવે છે. એવું ગૌરવ લેનારામાં ‘ભારતને 2014માં આઝાદી મળી’થી માંડીને ‘ભારતને પહેલી વાર દુનિયામાં માનભર્યું સ્થાન મળ્યું’ એવા વિવિધ ભ્રમ ઓછી-વત્તી તીવ્રતાથી માનનારા લોકોનો સમાવેશ થાય છે. એવી રીતે અસ્તિત્વમાં આવેલા ‘ન્યૂ ઈન્ડિયા’ની રસમો ન્યારી છે. તેને નજર સામે રાખીને સામાન્ય નાગરિકો દિવાળીની ઉજવણી કરવા ઇચ્છતા હોય તો તેમણે શું કરવું પડે?

સૌથી પહેલાં વારો દિવાળીની સફાઈનો. ધારો કે કોઈના આંગણામાં અઢળક કચરો હોય છે અને તે ન્યૂ ઈન્ડિયાના ગૌરવવંતા ધ્વજધારક છે. તો તેમને કચરો સાફ કરવાનું નહીં કહી શકાય. કોઈએ એવું કહ્યું તો એવા લોકોને દેશદ્રોહી, હિંદુવિરોધી, અર્બન નક્સલ અને નવી ફેશન પ્રમાણે દિમાગી નક્સલ જાહેર કરી દેવાના. તેમ છતાં, પોતાના આંગણામાં રહેલો કચરો સાફ કરવા માટે આસપાસના લોકોનું કે સોસાયટીનું દબાણ ચાલુ રહે તો તેને જરાય મચક નહીં આપવાની. ઊલટું, ઘરના એકાદ દાંડ સદસ્યની આગેવાની હેઠળ ફ્લેટની નીચે કે સોસાયટીમાં રેલી કાઢવાની. તેમાં ‘સ્વચ્છતા અમારો જન્મસિદ્ધ હક છે’, ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’, ‘આંગણું સ્વચ્છ તો જખ મારે છે મગરમચ્છ’ જેવાં ઘણાં સૂત્રો લખી શકાય. તેમાંથી છેલ્લા સૂત્રનો અર્થ પૂછવો નહીં. કારણ કે, સૂત્રોમાં આમ પણ અર્થ કરતાં વધુ મહત્ત્વ પ્રાસનું હોય છે, ને તેમાં સ્વચ્છ સાથે મગરમચ્છનો પ્રાસ બેસી જાય છે.

બોલ્યું-ચાલ્યું માફ

ઉર્વિશ કોઠારી

આવાં બેનર ઉપરાંત થોડા લોકોએ ‘સ્વચ્છતા ઝિંદાબાદ’, ‘અસ્વચ્છતા મુર્દાબાદ’ જેવા નારા પોકારવા. વચ્ચે વચ્ચે ‘જય શ્રી રામ’ પણ કહી શકાય. રામમંદિરની દાનપેટી સ્વચ્છ કહેતાં સફાચટ થઈ તે સ્વચ્છતાપ્રેમનું જ ઉદાહરણ હતું, પણ પામર લોકો એટલી સ્વચ્છ દૃષ્ટિ ક્યાંથી લાવે? એટલે એ તેને મંદિરમાં થયેલી દાનચોરી કહેવા લાગ્યા.

બેનર અને નારા ઉપરાંત નિવેદન પણ આપવાનું જરૂરી છે. એટલે કોઈ પૂછે કે ન પૂછે, શરૂ કરી જ દેવાનું કે ‘અમે અમારો ફ્લેટ (કે સોસાયટી) સ્વચ્છતાના માર્ગે આગળ ધપે એ માટે તેના પર દબાણ ઊભું કરવા માટે આ રેલી યોજી છે અને અમારા આંગણામાં કચરો પડ્યો છે તેની સામે આંગળી ચીંધનારા દંભીઓ એ ભૂલી જાય છે કે અમને તો આખી સોસાયટીની સ્વચ્છતાની પરવા છે અને આ રેલી અમારી એ ચિંતાનું પરિણામ છે. જે અમારી પર અસ્વચ્છતાને પોષણ આપવાનો દાવો મૂકે છે તે લોકોને અમારો ખુલ્લો પડકાર છે કે તે આવે, અમારા આંગણાનો કચરો સાફ કરે અને ત્યાર પછી અમારી પર આરોપો મૂકે. કંઈ પણ કર્યા વિના બોલ બોલ કરવું સહેલું છે. અમે બોલતા નથી. અમે તો કરી બતાવીએ છીએ. અમે આ રેલી કાઢી બતાવી કે નહીં? સૂત્રો બોલી બતાવ્યાં કે નહીં? અમે તો કર્મવીરો છીએ, બીજા રહીશોની જેમ મોટી મોટી વાતો કરનારા નથી. ખરેખર તો અમારું નામ જ સ્વચ્છકુમાર હોવું જોઈતું હતું, પણ કશો વાંધો નહીં, આ રેલી અને બેનરોથી કામ નહીં પતે, તો અમે નામ બદલવા જેવો ક્રાંતિકારી, રાષ્ટ્રવાદી ઉપાય પણ અજમાવવામાં ખચકાઈશું નહીં. એવું કરવું પડે તો પહેલાં અમે ફ્લેટ કે સોસાયટીનું નામ બદલી જોઈશું ને તેમ છતાં સમસ્યા નહીં ઉકેલાય, તો અમે કચરાને કંચન કહેવાનું શરૂ કરીશું. ત્યાર પછી, અમારા આંગણામાં કચરો છે એવા આરોપ મૂકનારા જૂઠા સાબિત થશે અને સત્યનો આખરે વિજય થશે.’



ઊલટું, ઘરના એકાદ દાંડ સદસ્યની આગેવાની હેઠળ ફ્લેટની નીચે કે સોસાયટીમાં રેલી કાઢવાની. તેમાં ‘સ્વચ્છતા અમારો જન્મસિદ્ધ હક છે’, ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’, ‘આંગણું સ્વચ્છ તો જખ મારે છે મગરમચ્છ’ જેવાં ઘણાં સૂત્રો લખી શકાય

આગળના વર્ણનમાં કોઈને અતિશયોક્તિ લાગતી હોય તેમણે સરકારપ્રેરિત લોકશાહી બચાવો રેલી વિશે વાંચી-જાણી લેવું.

નવા વર્ષે સગાંસ્નેહી-આડોશીપાડોશીઓને મળવાનો રિવાજ ઘસાતો જાય છે, છતાં તે સાવ લુપ્ત થયો નથી. ‘ન્યૂ ઈન્ડિયા’ના નાગરિકોએ ‘ન્યૂ ઈન્ડિયા’ના સ્થાપક-શાસકમાંથી પ્રેરણા લઈને નવા વર્ષે જે સામે મળે તેની સાથે જોરથી હાથ મિલાવવા, તેમાં નાનાં બાળકોને પણ બાકાત રાખવાં નહીં. બાળક હાથ છોડાવવા મથે, તો પણ જ્યાં સુધી સંતોષકારક રીતે ફોટો પાડી શકાય એટલો સમય ન વીતે, ત્યાં સુધી હાથ દબાવીને રાખવો-છોડવો નહીં, ભલે તેમને અકળામણ થાય.

મોટેરાંને હાથ મિલાવીને છોડી મૂકવાને બદલે, તેમને ધરાર ભેટવું અને તેમની પીઠે ધબ્બા મારવા. આ બધું કરતી વખતે મોં સતત હસતું રાખવું, કંઈ પણ બોલવાનું ચાલુ રાખવું, તેના અર્થની ચિંતા કરવી નહીં. આ બધું કરતી વખતે ફોટો અને વીડિયો ઊતરતા રહે તેનું ધ્યાન રાખવું અને તેને સારામાં સારા એન્ગલ પૂરા પાડવા. પરાણે ભેટી લીધા પછી તેમની સાથે કશોક ગહન સંવાદ કરવાની મુદ્રામાં ડોકું અમુક એન્ગલે ને હાથ અમુક રીતે રાખવા. એક વાર આવું કરવાની પ્રેક્ટિસ અને ટેવ પડી ગયા પછી દિવાળીની રાહ જોવાની, કે વડાપ્રધાન બનવાની પણ, જરૂર નહીં રહે.

વાહન લઈને બહાર નીકળવાનું થાય ત્યારે જાણીતી હોસ્પિટલમાંથી એકાદ ખાલી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી લેવી. બહાર નીકળીને અડધે રસ્તે પહોંચ્યા પછી પેલી એમ્બ્યુલન્સ બોલાવી લેવી અને તેનો અવાજ સાંભળ્યા પછી, વાહન બાજુ પર ઊભું રાખીને એમ્બ્યુલન્સને રસ્તો આપવો. તેને દિવાળીની ઉજવણી સાથે ભલે લેવાદેવા ન હોય, પણ દિવાળીના સપરમા દિવસોમાં દાનધરમ અને મંદિરદર્શન ઉપરાંત આવી રીતે પણ પુણ્ય કમાઈ શકાય છે, એવો સંદેશો ઓછો મૌલિક અને ઓછો મહત્ત્વનો નથી.

ઈશિતાનું અલકમલક

આ તે કેવાં વેરનાં વળામણાં?

કોઈ સાથે વાંધો પડે - તમે ક્રોધે ભરાવ પણ કંઈ કરી ન શકો એટલે મનોમન વધુ ઘૂંધવાવ પછી તમારો એ વાંઝણો ગુસ્સો વેર લેવા તરફ ફંટાઈ જાય. આવું ‘વેર’ આજકાલ યુવાન પેઢીમાં વધુ જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ રિવેન્જ - ‘વેર’નો નવો ટ્રેન્ડ યુવાનોમાં વધુ જોવા મળે છે. કોઈ વિજાતીય પાત્ર સાથે દોસ્તી કરવા માટે, પછી એ દોસ્તી આગળ વધારી વધુ આત્મીય થવા આજકાલ ડેટિંગ એપ્સનો વધુ ઉપયોગ થાય છે, આવી એપ દ્વારા સાવ અજાણ્યા પાત્ર સાથે ‘બ્લાઈન્ડ ડેટિંગ’ થાય. એકમેકને સાવ ઓળખતા પણ ન હોય એવા યુવાન - યુવતી કોઈ નિશ્ચિત કરેલા સ્થળે મળે. પરિચય કેળવે. એકમેકનાં મન થોડાં મળે પછી વધુ મુલાકાતનો દૌર ચાલે. જો કે આવી બ્લાઈન્ડ ડેટિંગમાં મનમેળ ન થાય તો ‘તું તારે રસ્તે -હું મારા રસ્તે’ કહી છૂટાં પડી જાય ને એકબીજાને ભૂલી જાય ને પછી ‘નવી ગિલ્લી-નવો દાવ.’ જો કે બ્લાઈન્ડ ડેટિંગ વખતે એક્થી વધુ વાર મુલાકાત થઈ હોય તો એ દરમિયાન ચા-કોફી કે ડ્રિન્ક્સ -ડિનરનો પણ ખર્ચ થાય. હવે ધારી લો કે આવી મુલાકાતો પછી બન્ને પાત્રનાં દિલ ન મળે તો મુલાકાત વખતે થયેલાં હોટેલના ખર્ચનું શું? સામાન્ય રીતે યુવક એ ચૂકવી દેતો હોય છે. ઘણી વાર યુવતી પણ સામેથી બિલ પે કરી દે. જો કે હવે આવા ડેટિંગ ટ્રેન્ડમાં એક નવી ટિવસ્ટ આવી છે. મનમેળ ન થયો. છુટ્ટાં પડી ગયાં પછી હોટેલની ખાણીપીણીનાં બિલ્સ યુવક વોટ્સએપ દ્વારા સામેવાળી યુવતીને બિન્દાસ્ત મોકલી આપીને એ રકમ ચૂકવવાનો મેસેજ પણ કરે છે! યુવતીઓ પણ સીધી નથી હોતી : ‘તારી સાથે આટલા કલાક ગાળ્યાં - તારી બોરિંગ કંપનીમાં મારો આટલો સમય વેડફાયો તો એના વળતરરૂપે તું મને XXXX ડોલર ચૂકવી દે!’ જુવાન હૈયાંઓની આવી ચેષ્ટાના ઘણ કિસ્સા ‘રિવેન્જ પેમેન્ટ’ના નામે આજકાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે! હવે સવાલ એ છે કે કામચલાઉ ‘વહાલ’ પછી આવાં વેરનાં વળામણાંના કિસ્સામાં કોઈ સામેવાળાને રકમ ચૂકવે છે ખરું? ના રે, અહીં તો ‘રાત ગઈ- બાત ગઈ’! જેવો માહોલ છે.




વધુમાં વધુ કેટલા મિત્રો હોવા જોઈએ...?

તમારા મિત્ર કેટલા? આવો પ્રશ્ન કોઈને પૂછો તો સહેજે છે કે તમે પણ સામા બે-ત્રણ સવાલ કરો,જેમ કે: ‘તમે ક્યા મિત્રોની વાત કરો છે? X (ટિવટર)ના-ફેસબુકના કે પછી સાચુકલા મિત્રોની?’ એના પ્રશ્ન પણ યથાર્થ છે. ફ્રેન્ડસની વાત નીકળે એટલે સોશ્યલ મીડિયામાં વ્યસ્ત લોકો આ જ પ્રકારના જવાબ આપે: ‘મારા તો એફ.બી. પર ૫૦૦૦થી વધુ ફ્રેન્ડસ છે. X પર ૧૦ હજારથી વધુ ફોલોઅર્સ છે. ઈન્સ્ટાગ્રામ પર મને ૩ હજારથી વધુ ફોલો કરે છે.’ આવડું મોટું મિત્ર-વર્તુળ આભાસી છે - ઓનલાઈન છે પણ જેને ખરા અર્થમાં નક્કર હાડમાંસના જીવતાં - જાગતાં મિત્ર કહી શકાય એની ગણત્રી ભાગ્યે જ કોઈ રાખે છે. પૂછો તો મોટાભાગે આવો ઉડાઉ જવાબ મળશે: ‘અરે, ઘણા બધા છે. ગણતરી ક્યારેય નથી કરી.’ હકીકતમાં એક વ્યક્તિ કુલ કેટલા મિત્ર રાખી શકે? આવા મિત્રોની ‘ગણતરી’ થોડા સમય પહેલાં ‘ઓક્સફર્ડ યુનિવર્સિટી’ના પ્રોફેસર રોબિન ડનબારે કરી છે. એમણે પોતાની સંશોધક ટીમને કામે લગાડીને અનેક દેશોના સામાન્યથી લઈને મહાનુભવોને મળીને અનેક પ્રકારની માહિતી મેળવી છે. પ્રો.ડનબારની રિ-સર્ચ ટીમ આફ્રિકા અને ઓસ્ટ્રલિયાના દૂર દૂર વસતા આદિવાસીઓ સુધ્ધાંને પણ મળી છે. એ બધી જ માહિતીનું વિજ્ઞાની ઢબે પૃથક્કરણ કરીને પ્રો. ડનબારે એમના સંશોધનનાં તારણ પ્રગટ કર્યાં છે. એ કહે છે કે માનવીનું બ્રેન -મગજ વધુમાં વધુ ૧૫૦ જેટલાં જ લોકોને મિત્ર તરીકે સ્વીકારવાની ક્ષમતા ધરાવે છે. બાકીના લોકોને માનવીનું મગજ માત્ર ‘ઓળખાણ -પિછાણ’નો દરજ્જો આપે છે. બીજા શબ્દોમાં માણસ ગમે તેટલો જાણીતો કે પ્રભાવશાળી હોય તો પણ એનું મસ્તિષ્ક ૧૫૦થી વધુ લોકોને મિત્ર તરીકે સ્વીકારતું નથી! પ્રો. રોબિન ડનબારનું મિત્ર વિશેનું આ સંશોધન મનોચિકિત્સક - વિજ્ઞાનીઓને એવું પ્રભાવિત કરી ગયું છે કે ૧૫૦ મિત્રનો આંક હવે સોશ્યલ મીડિયામાં ‘ડનબાર’સ નંબર’ તરીકે જાણીતો થઈ ગયો છે. હવે કોઈ જો તમારી સામે ‘મારા તો ગણ્યા ગણાય નહીં એટલા અસંખ્ય મિત્રો છે’ એવી ડંફાસ મારે તો અંજાઈ ન જતાં. ૧૫૦થી વધુ મિત્રને એ સાચવી પણ નહીં શકે એવું અચૂક માનજો!



પ્રોફેસર ડેનબર



કોણ છે એ ૧૧ રહસ્યમય વ્યક્તિ?

આજે ચોતરફ રણબીર કપૂર અને સાંઈ પલ્લવીનો જયજયકાર થઈ રહ્યો છે એટલે બે પાર્ટના રૂપિયા ૪૦૦૦ /- કરોડનું બજેટ ધરાવતી ફિલ્મ ‘રામાયણ’ જબરી ચર્ચામાં છે. ફિલ્મ વિશે શરૂઆતની સમીક્ષા ધાર્યા કરતાં વધુ પ્રોત્સાહક છે. આવા રામજીમય માહોલ વચ્ચે મૂળ રામાયણની મહાકથા વિશે કેટલીક અજાણી છતાં આશ્ચર્યજનક વાત -વિગત જાણવા જેવી છે, જેમ કે.... * ભગવાન વિષ્ણુના દસ અવતાર હતા એમાંથી એમનો સાતમો અવતાર એટલે ભગવાન રામ. ભગવાન વિષ્ણુનાં જે ૧૦૦૦ નામ છે એમાં ૩૯૪મું નામ રામનું છે. રામ અર્ધાંગના સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે વનવાસમાં ગયા ત્યારે એમની આયુ ૨૫ વર્ષની હતી. ૧૪ વર્ષ વનવાસ પછી ૩૯મા વર્ષે લંકાના અસુર રાજા રાવણના વધ પછી અયોધ્યામાં રાજા રામનું રાજ્ય આવ્યું. મહર્ષિ વાલ્મીકિની રામાયણ અનુસાર એમણે ૧૧ હજાર વર્ષ સુધી રામરાજ્યનું શાસન કર્યું! બાય ધ વે, જાણીને તમને નવાઈ લાગશે કે ભગવાન રામનો રામાયણકાળ અને ભગવાન કૃષ્ણના મહાભારતકાળ એ બન્ને સાવ ભિન્ન -વિભિન્ન કાળ અને યુગમાં સર્જાયા હતા. ‘તેત્રાયુગ’ વખતે રામકાળ હતો તો કૃષ્ણ યુગ હતો ‘દ્વાપર’ આમ છતાં ૧૧ એવાં પાત્ર-વ્યક્તિ હતી, જે આ બન્ને કાળમાં હાજર હતી અને એક યા બીજી રીતે આ બન્નેએ મહા કાળમાં બહુ અગત્યની ભૂમિકા ભજવી પણ હતી! એ રહસ્યમય ૧૧ વ્યક્તિની વાત તમને કરશે ‘ઈશિતા’ આવતા સપ્તાહે!



ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» આપણી અદાલતોના ન્યાય - અન્યાયનો એક વધુ કિસ્સો જાહેરમાં આવ્યો છે. ન્યાયશાસ્ત્ર કહે છે કે ‘૧૦ અપરાધી ભલે સજામાંથી છૂટી જાય પણ એક નિર્દોષને ખોટી સજા ન થવી જોઈએ...’ ઓરિસ્સાનો અર્જુન જાની નીચલી કોર્ટોના ચુકાદા મુજબ એક હત્યાના આરોપસર છેલ્લાં ૨૨ વર્ષથી જેલમાં હતો. એની એક અપીલનો સુપ્રીમ કોર્ટે હમણાં ચુકાદો આપીને એને હત્યાના કેસમાં સાવ નિર્દોષ જાહેર કર્યો છે! આ કેસની ટ્રેજેડી એ છે કે ૨૨ વર્ષે જેલમાંથી નિર્દોષ છૂટીને અર્જુન પોતાના ગામમાં પરત આવ્યો પછી એના ઘરનો અને એના કોઈ સ્વજનોનો અતોપતો નથી!

» આપણા પાડોશી ચીનની કેટલીક કામગીરી ખરા અર્થમાં ભેદી હોય છે. પછી એ કોરોના-કાળના જીવલેણ વાઈરસ હોય કે પછી અંતરિક્ષ ક્ષેત્રે એ શું કરી રહ્યું છે એની વૃત્તિપ્રવૃત્તિનો અણસાર સુદ્ધાં કોઈને ન આવે. એક સમાચાર અનુસાર, ચીને એવું ઈન્ટરનેટ વિકસાવ્યું છે જે એક સેકન્ડ હા, માત્ર એક જ સેકન્ડમાં ૧૫૦ મૂવી ટ્રાન્સફર કરી શકે- ડાઉનલોડ કરી શકે! બીજા શબ્દોમાં કહો તો આ ચીની નેટવર્ક દર સેકન્ડે ૧૨૦૦ ગીગાબાઈટ (૧.૨ જી.બી.)ની ઝડપે ડેટા ટ્રાન્સફર કરી શકે છે!

ઈશિતાની એલચી

તમારી આંખ સારી હશે તો દુનિયા તમને જોવી ગમશે ને જો તમારી જીભ સારી હશે તો દુનિયાને તમે ગમશો!!